BRAMPTON Flower City
brampton.ca

**media release**

ત્વરિત જાહેરાત માટે

# સીટી ઓફ બ્રેમ્પટને વિલિયમ્સ પાર્કવે ફાયર કેમ્પસમાંનું મેદાન તોડી નાખ્યું

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (ડિસેમ્બર 3, 2019) – આજે, મેયર, કાઉન્સિલર્સ અને સીટી ઓફ બ્રેમ્પટને વિલિયમ્સ પાર્કવે ફાયર કેમ્પસ માટે ગ્રાઉન્ડ બ્રેકિંગ (પાયો ખોદવાના) સમારોહનું આયોજન કર્યું હતું.

વર્ષ 2022 માં, અત્યાધુનિક, કેન્દ્રિય સગવડ ખુલવાની સાથે તે બ્રેમ્પટનનું ફાયર હેડક્વાર્ટર્સ, પ્રિવેન્શન ડિવિઝન, નવું ફાયર સ્ટેશન 203, ઈમરજન્સી ઓપરેશન્સ સેન્ટર (કટોકટી સંચાલન કેન્દ્ર), ઈમરજન્સી મેઝર્સ ઓફિસ (કટોકટી પગલાઓ સંબંધિત કાર્યાલય), અને ઈનડોર અને આઉટડોર ફાયર ટ્રેનિંગ સગવડોનું ઘર બનશે.

ઝાંખીઓમાં સામેલ છે:

- આગ રોકથામ, શમન, સજ્જતા, પ્રતિભાવ અને પુનઃપ્રાપ્તિના ક્ષેત્રોમાં સંચાલન, તાલીમ, શિક્ષણ આપવું, સંશોધન કરવું અને નવી પહેલો વિકસાવવા 70,000 ચો.ફૂટથી વધારે જગ્યા.
- આખું વર્ષ ઉપલબ્ધ જીવંત અગ્નિશમન તાલીમ ઈમારત અને એક બીજી ઈમારત જે નવી ભરતીઓ અને હાલના અગ્નિશમન દળોને એકસાથે તાલીમ આપવા સગવડમય બનશે
- આપણાં રહેવાસીઓનું સંરક્ષણ કરતી વખતે પોતાનો જીવ ગુમાવનાર અને અંતિમ બલિદાન આપનાર બ્રેમ્પટનના અગ્નિશમન દળોને યાદ રાખવા અને સન્માન કરવા એક સ્મૃતિસ્થળ અને પ્રતિબિંબ જગ્યા
- આ શહેરનું લક્ષ્ય LEED (લીડ) "સિલ્વર" અને ફિટવૅલ ઈમારત પ્રમાણપત્રો મેળવવાનું છે.

**અવતરણો (ક્વૉટ્સ):**

"બ્રેમ્પટન ફાયર અને ઈમરજન્સી સેવાઓ આપણાં સમુદાયને નિર્ણાયક સેવાઓ પૂરી પાડે છે અને આ કેમ્પસ આપણાં કર્મચારીગણ અને આપણાં રહેવાસીઓને ઘણાં લાભો મેળવી આપશે. સંચાલનનું કેન્દ્રીયકરણ અને સેવા વિતરણને સુવ્યવસ્થિત કરવાથી, આપણી ટીમ બ્રેમ્પટનને એક વેલ-રન (સુસંચાલિત) શહેર બનાવવા અને કટોકટી વ્યવસ્થાપન અને પ્રતિભાવમાં ઉત્કૃષ્ટતા આપવાનું ચાલુ રાખી શકે છે."

- *મેયર પૅટ્રિક બ્રાઉન (Patrick Brown)*

"આપણી બ્રેમ્પટન ફાયર અને ઈમરજન્સી સેવાઓ બ્રેમ્પટનને આરોગ્યપ્રદ અને સુરક્ષિત સમુદાય બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. આ નવું કેમ્પસ આ ઈમારતો માટે LEED (લીડ) સિલ્વર અને ફિટવૅલ ઈમારત પ્રમાણપત્રો અપાવીને એક ગ્રીન સીટી (હરિયાળુ શહેર) બનાવવા આપણી કટિબદ્ધતા પણ દર્શાવે છે."

- *પ્રાદેશિક કાઉન્સિલર રોવેના સેન્ટોસ (Rowena Santos), અધ્યક્ષ, સમુદાય સેવાઓ*

"અમે આપણાં સમુદાયને અમારી સેવા વિતરણમાં ઉત્કૃષ્ટતા માટે હંમેશા પ્રયત્નશીલ રહીએ છીએ. આપણાં નવા વિલિયમ્સ પાર્કવે વડે અમે અમારી સગવડો મારફતે અગ્નિશમન કામગીરીનું ભાવિ સુધારવાનું ચાલુ રાખી શકીશું, સાથે સાથે આપણાં રહેવાસીઓનું સંરક્ષણ કરતી વખતે પોતાનો જીવ ગુમાવનાર અને અંતિમ બલિદાન આપનાર બ્રેમ્પટનના અગ્નિશમન દળોને યાદ રાખવા અને સન્માન આપવા આપણને એક સ્મૃતિસ્થળ પણ પૂરું પાડશે."

- *ચીફ બિલ બોય્સ (Bill Boyes), બ્રેમ્પટન ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ*

BRAMPTON Flower City
brampton.ca

media release

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 650,000 લોકો વસે છે અને તમાં 70,000 વ્યાપારો છે.** અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતા પ્રવાસનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagram પર જોડાવ. અહીં વધુ જાણકારી મેળવો www.brampton.ca.


**મિડિયા સંપર્ક:**
મોનિકા દુગ્ગલ
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી ઍંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રૅમ્પ્ટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca